



### ગણદેવી તાલુકામાં માલધારીઓનાં પશુઓના ત્રાસથી ખેતીને વ્યાપક નુકસાન, ગંભીર સમસ્યાથી છૂટકારો અપાવવા સરપંચોએ ગણદેવી મામલતદારને રજૂઆત કરી

# માલધારીઓનો ત્રાસ: ખેતી તહસનહસ

### વડસાંગળ, ખેરગામ રેન્જ, અજરાઇ, પાથરી, ધકવાડા, અંભેટા, દુવાડા, દેસાડ, વલોટી, માણેકપોર, ખખવાડા, પાટી, કલવાચ અને આંતલીયા ગામમાં ઢોરોને છૂટા મૂકી દેવાતાં ખેતી કરવું મુશ્કેલ બન્યું


કેરસી બારીયા



બીલીમોરા: માલધારીઓના પશુઓ દ્વારા કરાતા ભેલાણની સમસ્યાથી છૂટકારો અપાવવા ગણદેવી મામલતદારને ૧૫થી વધુ ગ્રામ પંચાયતે આવેદનપત્ર પાઠવ્યું હતું.

ગણદેવી તાલુકાની વડસાંગળ, ખેરગામ રેન્જ, અજરાઈ, પાથરી, ધકવાડા, અંભેટા, દુવાડા, દેસાડ, વલોટી, માણેકપોર, ખખવાડા, પાટી, કલવાચ અને આંતલીયા ગ્રામ પંચાયતના સરપંચોએ તાલુકા મામલતદારને માલધારીઓના પશુ દ્વારા થતાં નુકસાનથી બચાવવા આવેદનપત્ર પાઠવી જણાવ્યું હતું કે, ગણદેવી તાલુકામાં માલધારીઓના પાલતુ પશુઓ તાલુકાની ખેતીવાડીને નુકસાન પહોંચાડી રહ્યા છે. માલધારીઓ પોતાના પાલતું ગાય, ભેંસ જેવાં પશુઓને ચરાવવા છૂટા મૂકી દેતાં ગમે તે વાડી ખેતરોમાં ઘૂસી જઈને ભેલાણ કરી ખેડૂતોના પાકનો સત્યનાશ વાળી રહ્યા છે. આ અંગે જો માલધારીઓને કહેવા જઈએ તો તેઓ સાંભળવાને બદલે દાદાગીરી ઉપર ઊતરી પડે છે અને ધમકી આપે છે. ગાય, ભેંસ જેવાં પશુ ખુલ્લા છોડી દેવાતાં બાળકો અને મહિલાઓના માથે મોટું જોખમ ઊભું થયું છે.

**ચોમાસામાં માલધારીઓ પશુઓને ચરવા છોડી દે છે**

ચોમાસા સિવાય શેરડીમાંથી નીકળતી ચીમરી ખોરાક તરીકે આસાનીથી માલધારીઓને મળી રહેતા પશુઓના ખોરાકની સમસ્યા ઓછી પડે છે. પણ ચોમાસામાં સુગર ફેક્ટરી બંધ રહેવાને કારણે માલધારીઓ પોતાના પશુઓને ચરવા માટેના છોડી દે છે, જે વાડી ખેતરોમાં ઘૂસીને ભેલાણ કરી ખેડૂતોને મોટું નુકસાન પહોંચાડે છે.

**વાડીની ફેન્સિંગના તારો પણ પશુપાલકો કાપી નાંખે છે**

ગણદેવી નજીક કસ્બાવાડી ખાતે આવેલ ચારથી પાંચ વાડીની ફેન્સિંગના તારો ગાય ભેંસ ચરાવવા સાથે નીકળતા તેના માલિકો પોતાની પાસે કટર રાખે છે અને જે વાડી ખેતરોમાં માલિકોની ઓછી હાજરી હોય છે, તેને ટાર્ગેટ કરી ફેન્સીંગના તારો કટરથી કાપી નાંખી ખેતરોમાં પશુઓને ઘુસાડી નુકસાન પહોંચાડે છે. જે વાડીમાં તારને બદલે જાળીની ફેન્સિંગ મારેલી હોય છે તેના તો સિમેન્ટના થાંભલા તોડી નાંખી ઢોરોને ભેલાણ કરવા જગ્યા કરી આપે છે.


નિલેશ કાપડિયા

# વાંસદાની જીવાદોરીસમાન જૂજ ૯૯ અને કેલિયા ડેમ ૯૫% ભરાયા, હેઠવાસનાં ગામોમાં એલર્ટ

**લોકોને** નદીના પટમાં અવરજવર ન કરવા તંત્રનું સૂચન

વાંસદા: વાંસદા તાલુકાના જુજ અને કેલિયા બંને ડેમ એલર્ટ સ્ટેજ પર જાહેર કરાયા હતા. જુજ ડેમ ૯૯%, જ્યારે કેલિયા ડેમ ૯૫% ભરાઈ જતાં બંને ડેમોના હેઠવાસનાં ગામોને એલર્ટ કરાયાં છે.

ઉપરવાસમાં તેમજ વાંસદામાં ધીમી ગતિએ પરંતુ સતત વરસાદના પગલે વાંસદાની જીવાદોરીસમાન જૂજ ડેમમાં પાણીની સતત આવક ચાલુ રહેતાં સોમવારે સાંજે ૬ વાગે જૂજ ડેમ ૯૯ ટકા તેની ઓવરફ્લોની સપાટી ૧૬૭.૫૦ની સપાટી સામે ૧૬૭.૪૫ સુધી, જ્યારે કેલિયા ડેમ ૯૫ ટકા ૧૧૩.૪૦ની સપાટી સામે ૧૧૩.૦૫ સુધી ભરાઈ જતાં તંત્રએ એલર્ટ સ્ટેજ પર જાહેર કર્યા છે. જૂજ ડેમની હેઠળવાસના જૂજ, ખડકિયા, નવાનગર, વાંસિયા તળાવ, વાંસદા, રાણી ફળિયા, નાની વાલઝર, મોટી વાલઝર, સિંગાડ, રૂપવેલ, ચાપલધરા, રાજપુર, પ્રતાપનગર, દોણજા, હરણ ગામ, ચીખલી, ખુંધ, વંકાલ (વ.ફળિયા), ઘેટકી, ઉંડાચ, લુહાર ફળિયા, વાણીયા ફળિયા, ગોયદી, ખાપરવાડા અને દેસરા ગામ તેમજ કેલિયા ડેમ ૯૫% ભરાઇ જતાં વહીવટી તંત્રએ કેલિયા ડેમને પણ એલર્ટ જાહેર કરી ડેમની હેઠવાસની ખરેરા નદી નજીકના કેલિયા, કાકડવેલ, માંડવખડક, વેલણપુર, ગોડથલ, કણભઈ, સિયાદા, મોગરાવાડી, આમધરા, ઘેજ, મલિયાધરા, સોલધરા, પીપલગભાણ, પોલાર, કલિયારી, બલવાડા, તેજલાવ, વાડ, ઉંડાચ, ગૌમંદી, વાઘરેચ, ખાપરવાડા અને દેસરા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરી સાવચેત રહેવા સૂચન કરવામાં આવ્યું હતું.

# નાગરિકો સામે નહીં, બુટલેગરો-માફિયા સામે ટણી કરો તો ખરા !: જિગ્નેશ મેવાણીએ પોલીસને ખંખેરી

**ચીખલી** તાલુકા સેવાસદનમાં આવેદનપત્ર સ્વીકારવા પ્રાંત અધિકારી એક કલાક મોડા આવતાં વિરોધ

ઘેજ: ચીખલી તાલુકા સેવાસદનમાં આવેદનપત્ર સ્વીકારવા પ્રાંત અધિકારી એક કલાક કરતાં વધુ સમય સુધી નીચે ન આવતાં ધારાસભ્ય અનંત પટેલ અને જીગ્નેશ મેવાણીએ પ્રાંત અને પોલીસને ઉધડો લેતાં ભારે હોબાળો થયો હતો. પ્રાંત અધિકારીના જડ વલણના કારણે વાતનું વતેસર થયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ ધારાસભ્ય આનંદ પટેલ અને જીગ્નેશ મેવાણી ઉપરાંત જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શૈલેષભાઈ રૂઢિ ગ્રામસભાના અધ્યક્ષ રમેશભાઈ ખાંભડા સહિતનાની આગેવાનીમાં સ્થાનિકો ક્વોરીના મુદ્દે આવેદન આપવા માટે તાલુકા સેવાસદનમાં પહોંચ્યા હતા. દરમિયાન આવેદનપત્ર સ્વીકારવા માટે પ્રાંત અધિકારી નીચે ન આવતાં મહિલાઓ પ્રાંત અધિકારીની ચેમ્બરમાં બેસી ગઈ હતી. એક કલાક કરતાં વધુ સમય વિતવા છતાં પ્રાંત અધિકારીએ ચેમ્બરમાંથી નીચે ઉતારવાની તસ્દી ન લેતાં ધારાસભ્યો સહિત સ્થાનિકોમાં રોષ ફેલાઈ ગયો હતો.

જો કે, મોડે મોડે પ્રાંત અધિકારી નીચે આવતાં ધારાસભ્ય આનંદ પટેલ અને જીગ્નેશ મેવાણીએ તેમનો ઉધડો લીધો હતો. ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ લોકોની વચ્ચે પ્રાંત અને પોલીસને ખંખેરતા જણાવ્યું હતું કે, તમે નાગરિકો સામે ટણી કરો છો. બુટલેગરો-માફિયા સામે ટણી કરો તો ખરા. એસડીએમ અને પીઆઇ કહેવાય. તમારા કાર્ય વિસ્તારમાં દારૂ અને જુગારના અડ્ડા બંધ કરાવો. તમારો સ્ટાફ બુટલેગરો આગળ નાચશે, તાતાથૈયા કરશે તેમ જણાવી ટીપું પણ દારૂ ન વેચાય તેવું કરાવવા પડકાર ફેંક્યો હતો.

પ્રાંત અધિકારીને બબ્બે ધારાસભ્યોએ ઉધડો લેતાં એક સમયે જવાબ આપવાનાં ફાંફાં પડી ગયા હતા. જો કે, પ્રાંત અધિકારીના જડ વલણના કારણે વાતનું વતેસર થવા સાથે ધજાગરા ઊડ્યા હતા. જો કે, ધારાસભ્ય જેવા બંધારણીય હોદ્દાની ગરિમા જાળવવાનું પણ ભાન ન હોય તેવા અધિકારીઓ પ્રજાને શું ન્યાય આપી શકે. અધિકારી રાજમાં આવા અધિકારીઓ ફાટીને ધુમાડે જાય એ સ્વાભાવિક છે. પ્રાંત અધિકારી એક કલાક બાદ નીચે ઉતારીએ તો આવેદનપત્ર સ્વીકાર્યું તો પહેલા જ આવી જતે તો આટલો હોબાળો ન થાતે. પરંતુ પોતાની તુમાખીમાંથી બહાર નીકળવા ન માંગતાં આ અધિકારી કદાચ સત્તાધારી પક્ષના નેતાઓ સમક્ષ લાડકા થવાની પણ ફિરાકમાં હોય શકે તેમ લાગી રહ્યું છે.

# આહવા-શામગહાન હાઈ વે ઉપર નમેલા ઝાડની ડાળી જોખમી, ધ્યાન ન ગયું તો ગયા

**ડાયવર્ઝનને** લઈ ભારે વાહનોનો ઘસારો વધ્યો, જાળવણીની અભાવે અકસ્માતનો ભય


ગિરીશ ભોયે

સાપુતારા: આહવાથી શામગહાનને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ હાલમાં ભારે વાહનો અને લક્ઝરી બસો માટે એક મોટો પડકાર બની ગયો છે. રાષ્ટ્રીય ધોરી માર્ગની બંને બાજુએ વૃક્ષોની નમેલી ડાળીઓ અને વાંસનાં ઝાડી ઝાંખરા રસ્તા પર આવી ગયા છે, જેના કારણે વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થઈ રહ્યો છે. ખાસ કરીને માર્ગનાં વળાંકો પર આ સમસ્યા વધુ ગંભીર બની છે. જેના પગલે સામેથી આવતા વાહનો દેખાતા નથી, જેથી અહીં અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઓથોરિટી (NHAI) દ્વારા આ માર્ગની જાળવણી અને દેખરેખમાં સ્પષ્ટ નિષ્ફળતા જોવા મળી રહી છે. જ્યારે વઘઈથી સાપુતારાને જોડતા સાકરપાતળ ગામ નજીક આવેલા નંદીના ઉતારાનો બ્રિજ ‘ક્રિટિકલ પુઅર કેટેગરી’માં આવતા ડાંગ કલેક્ટરનાં તા. 12 જુલાઈ 2025ના જાહેરનામાથી તેના પર ભારે વાહનોનાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્રતિબંધને કારણે સુરત તરફથી આવતા ઘણા ભારે વાહનો અને લક્ઝરી બસોએ વઘઈથી ડાયવર્ઝન લઈને આહવા થઈને સાપુતારા જવું પડી રહ્યું છે. પરિણામે આહવા-શામગહાન માર્ગ પર અચાનક ભારે વાહનોનો ધસારો વધ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી વિભાગ દ્વારા આ માર્ગ પર કોઈપણ પ્રકારનું સુપરવિઝન કે દેખરેખ રાખવામાં આવતી નથી. સ્થાનિકોનું કહેવું છે કે NHAIની બેદરકારીને કારણે આ માર્ગ ‘ધણીધોરી વગરનો’ એટલે કે જાળવણી વિનાનો થઈ ગયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારતાડ આશ્રમશાળામાં વૃક્ષારોપણ



નિલેશ કાપડિયા

વાંસદા: સામાજિક વનીકરણ યોજના હેઠળ સામાજિક વનીકરણ વાંસદા રેન્જ વિભાગ દ્વારા એક પેડ મા કે નામ અંતર્ગત શ્રી ગ્રામ સેવામંડળ વાંસદા સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમશાળા બારતાડ (ખાનપુર)માં વૃક્ષારોપણનું આયોજન કરાયું હતું, જેમાં ક્લોન નીલગીરી, માહેગુની, ફળાઉ ઝાડ, લીમડો, વાંસ મળી કુલ ૨૨૦૦ જેટલા રોપાનું વાવેતર કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સામાજિક વિજ્ઞાન વાંસદા રેન્જ વિભાગનાં પ્રીતિબેન એમ.ટંડેલ, રિતેશભાઈ પટેલ, આશ્રમ શાળાના આચાર્ય, શિક્ષકો, સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીઓએ હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતું.

### નવસારીમાં વડાપ્રધાન વય વંદના કાર્ડ માટે કેમ્પ યોજાયો

નવસારી: ઘેલખડી વિસ્તારમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટર દ્વારા વડાપ્રધાન વય વંદના કાર્ડ બનાવવા માટેનો કેમ્પ શ્રી સિદ્ધિવિનાયક મંદિરના સહકારથી મંદિરના હોલમાં યોજવામાં આવ્યો હતો. વડાપ્રધાન વય વંદના યોજના હેઠળ 70 વર્ષથી વધુ વયના વડીલોને 10 લાખ રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે મળે છે. 70 વર્ષથી વધુના દરેક નાગરિકને કોઈપણ શરત વિના સરકારી અને સરકાર માન્ય હોસ્પિટલમાં સારવાર માટે પૈસા ચૂકવવાની કોઈ જરૂર નહીં પડે. એ કારણે વૃદ્ધો માટે ઢળતી વયે સ્વાસ્થયની જાળવણી માટેની સારવાર વિનામૂલ્યે ગોઠવીને તેમને આર્થિક હાલાકીમાંથી બચાવી લીધા છે. વય વંદના યોજના હેઠળ વડિલોને કાર્ડ આપવા માટેના કેમ્પમાં જયેશભાઈ, સંકેતભાઈ, મનીષભાઈ, અસ્મિતાબેન તેમજ આશા વર્કર મોદી પુષ્પાબેન તથા કલ્પનાબેન પરમારે સેવા આપી હતી જેમાં આ વિસ્તારમાંથી કુલ 70 75 જેટલા વડીલોને કાર્ડ બનાવી આપવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં જયંતિભાઈ બ્રહ્મભટ્ટ, સાવંતપરીવાર, ત્રિભુવન ચાવડા તેમજ ઈબ્રાહીમ સૈયદ વગેરે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.


### વાપીમાં કારની ટક્કરે મોપેડ સવાર દંપતી ઈજાગ્રસ્ત

વાપી: વાપી જીઆઈડીસીમાં આવેલી શાકભાજી માર્કેટમાં ખરીદી કરવા માટે દંપતી મોપેડ પર આવી રહ્યું હતું. એ સમયે કારની ટક્કર લાગતાં તેઓ નીચે પટકાતાં બંને ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગેની ફરિયાદ તેમના પુત્રએ વાપી ઉદ્યોગનગર પોલીસમથકમાં કરી હતી. વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર મૂળ યુપી અને હાલ વાપી નજીકના ચણોદમાં આવેલી ચાલીમાં શિવમ બિનેશ્વર પ્રજાપતિ (ઉં.વ.20) પરિવાર સાથે રહે છે. તેના પિતા બિનેશ્વર અને માતા ગાયત્રી ગત તા.5-7-25ના રોજ મોપેડ લઈને વાપી જીઆઈડીસી સ્થિત શાકભાજી બજારમાં ખરીદી માટે આવી રહ્યા હતા. એ સમયે યુપીએલ કંપનીના ગેટ સામે એક કારની ટક્કર લાગતાં મોપેડ સવાર માતા-પિતા નીચે પટકાયાં હતાં, જેમાં પિતાને માથાના ભાગે, જ્યારે માતાને શરીરે ઈજા પહોંચી હતી. તેની જાણ માતાએ ફોન દ્વારા પુત્રને કરી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે 108 એમ્બ્યુલન્સ દ્વારા ચલા હોસ્પિટલ ખસેડ્યા હતા અને વધુ સારવાર માટે સેલવાસ હોસ્પિટલ લઈ ગયાં હતાં. પુત્ર અને તેના મિત્ર બનાવ સ્થળે પહોંચ્યા હતા, ત્યારે અકસ્માત કરેલી કાર અને કાર ડ્રાઈવર દિપેશ રમેશ પટેલ (રહે.,જોરાવાસણ, તા.જિ.વલસાડ) તથા કાર માલિક ત્યાં જ ઊભેલા હતા. આ બનાવ અંગેની ફરિયાદ શિવમ પ્રજાપતિએ વાપી ઉદ્યોગનગર પોલીસમથકમાં કરી હતી.

### ભવાનદગડના ‘દાદા’ બેભાન પડ્યા હતા, પોલીસની ‘SHE’ ટીમે હોસ્પિટલ ખસેડ્યા


ગિરીશ ભોયે

સાપુતારા: ડાંગ જિલ્લાના પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા તથા એસ.જી. પાટીલની આગેવાની અને માર્ગદર્શન હેઠળ કાર્યરત આહવા પોલીસ સ્ટેશનની ‘SHE’ ટીમ દ્વારા ભવાનદગડના સિનિયર સિટિઝન પ્રત્યે સંવેદના દાખવવામા આવી હતી. ગત રવિવારે આહવા-વઘઇ ફોરેસ્ટ નાકાથી આગળ નીચે ઘાટ માર્ગમાં આ સિનિયર સિટિઝન નામે રજીરામભાઇ નાથુભાઇ (ઉં.વ.૬૦) (રહે.,ભવાનદગડ) રસ્તા ઉપર પડી જતાં બેહોશ હાલતમાં મળી આવ્યા હતા. ત્યારે ત્યાંથી પસાર થતી આહવા પોલીસ સ્ટેશનની ‘SHE’ ટીમે આ વયોવૃદ્ધને PCR વાનમાં બેસાડી આહવા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઇ ગઈ હતી. જ્યાં આ વ્યક્તિને જરૂરી સારવાર અપાવી તેઓ સ્વસ્થ થતાં તેમને તેમના ઘરે પહોંચાડ્યા હતા. ‘SHE’ ટીમે સિનિયર સિટિઝન પ્રત્યે સંવેદના દાખવી પ્રશંસનીય કામગીરી કરી હતી. આહવા પોલીસ સ્ટેશનના પી.આઇ. મહેશ ઢોડિયાના માર્ગદર્શન હેઠળ ‘SHE’ ટીમનાં WPC કાજલબેન વલ્લભભાઇ સોલંકી તેમજ PC કૌશિકભાઇ મનુભાઇ પટેલે પોતાની ફરજ બજાવી હતી.


ગિરીશ ભોયે

# ડાંગ જિલ્લાના નડગખાદી-હનવતચોંડ માર્ગ પર કદાવર દીપડાના આંટાફેરા

**બે** ગામને જોડતા મુખ્ય માર્ગ પર દીપડાની અવરજવરને લઈ ડરનો માહોલ

સાપુતારા: ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને સ્થાનિક ધારાસભ્ય વિજય પટેલનાં હનવતચોંડ ગામ અને નડગખાદીને જોડતા માર્ગ પર રાત્રિ દરમિયાન એક કદાવર દીપડો લટાર મારતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાયો છે. સ્થાનિકો માટે ચિંતાનો વિષય બન્યો છે, કારણ કે આ રસ્તો બંને ગામોના લોકો માટે અવરજવરનો મુખ્ય માર્ગ છે. રાત્રિના સમયે ખેડૂતો, મજૂરો અને અન્ય ગ્રામજનો આ રસ્તાનો ઉપયોગ કરતા હોય છે. હવે દીપડાના આવા ખુલ્લેઆમ આંટાફેરાથી લોકો રાત્રે ઘરની બહાર નીકળતા પણ ડરી રહ્યા છે, જેના કારણે દૈનિક પ્રવૃત્તિઓ પર પણ અસર પડી રહી છે. હનવતચોંડ અને નડગખાદી જેવા ગામોમાં દીપડાની હાજરી કોઈ નવી વાત નથી, પરંતુ જાહેર રસ્તા પર આ રીતે દીપડો ફરતો જોવા મળવો એ ગંભીર બાબત છે. સ્થાનિકો જણાવી રહ્યા છે કે અગાઉ પણ આવા દીપડા દેખાયા છે. ત્યારે વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પુરવાની અથવા તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં પરત મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# નવસારીમાં પાથરણા અને હાટડીવાળા માટે રવિવારી બજારની વૈકલ્પિક વ્યવસ્થા કરો

**વેપારીઓએ** મહાનગર પાલિકાના કમિશનરને લેખિત રજૂઆત કરી



**જાડી ચામડીના અધિકારીઓ મહિના પહેલાં કરેલી રજૂઆતનો જવાબ પણ આપતા નથી !**

જેની ગોડદી જાય તેને જ ટાઢ વાગે. એ રીતે રોજગારી ગુમાવી ચૂકેલા નાના દુકાનદારોએ આ પહેલાં 9 જૂનના દિવસે પણ કમિશનરને સંબોધીને એક આવેદનપત્ર આપ્યું હતું. પરંતુ તેનો જવાબ આપવાની પણ તસ્દી લીધી નથી. આ સંજોગોમાં હવે મોંઘવારીના જમાનામાં ગરીબોના ઘરે પણ ચૂલો સળગે એ માટે વૈકલ્પિક જમીન શોધી આપી રવિવારનું હાટ હાટબજાર ભરાવા દેવાય એવી માંગ થઈ રહી છે.

નવસારી: સામાન્ય લોકોને પરવડે એવા ભાવે જીવન જરૂરિયાતની ચીજો વેચતા હાટ બજારમાં નાના વેપારીઓ જ પાથરણા કે હાટડી દ્વારા ચીજો વેચતા હોય છે. પરંતુ નવસારીમાં મનપા અધિકારીઓએ હાટબજાર બંધ કરાવી દેતાં સામાન્ય પાથરણાવાળા માટે જીવન ગુજારો કરવો મુશ્કેલ બન્યું છે, ત્યારે એ તમામ વેપારીઓએ મહાનગર પાલિકાના કમિશનરને એક લેખિત રજૂઆત કરી વૈકલ્પિક જમીન ફાળવવા માટે માંગ કરી છે.

નવસારીમાં લાંબા સમયથી રવિવારી એટલે કે રવિવારે હાટ બજાર નવા રિંગ રોડ ઉપર ભરાય છે. એનોર્ટ એપાર્ટમેન્ટ નજીકના રસ્તા ઉપર પાથરણાવાળા હાટડી માંડતા હોય છે. હાટબજારમાં ઘણી ચીજો સસ્તી અને પરવડે એવા ભાવે મળતી હોવાને કારણે સામાન્ય લોકો ત્યાંથી ખરીદી કરતા હોય છે. તેને કારણે નાના વેપારીઓને પણ તેમનું જીવન ગુજારવા માટે પૂરતી કમાણી થઈ રહેતી હોય છે. પરંતુ નવસારી પાલિકા મહાનગર પાલિકા બન્યા બાદ છેલ્લા કેટલાક રવિવારથી દબાણખાતાના અધિકારીઓ હાટબજાર ભરવા દેતા નથી. એ કારણે નાના દુકાનદારોની રોજીરોટી છીનવાઈ ગઈ છે. ચોમેર મોંઘવારીની ઝાળ દઝાડી રહી છે, ત્યારે મોટો પગાર મેળવતા મનપાના અધિકારીઓને તેમની વ્યથા સમજાતી નથી. આ સંજોગોમાં પોતાની પીડા દૂર થાય એ માટે મનપાના કમિશનરને લેખિતમાં હાટ બજાર ભરવા માટે વૈકલ્પિક જમીન ફાળવવા માટે રજૂઆત કરી છે.

### નવસારી મ્યુનિસિપલ કમિશનર દેવ ચૌધરીએ માર્ગ રિપેરિંગનું નિરીક્ષણ કર્યું

નવસારી: પ્રવર્તમાન ચોમાસાની ઋતુમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તા ક્ષતિગ્રસ્ત બન્યા છે. ત્યારે નવસારી મ્યુનિસિપલ કમિશનર દેવ ચૌધરીએ નવસારી મહાનગરપાલિકાના હસ્તકના ક્ષતિગ્રસ્ત થયેલા રોડની મુલાકાત લઈ રિપેરિંગ કામનું નિરીક્ષણ કર્યું હતું.

નવસારી મહાનગરપાલિકા દ્વારા ક્ષતિગ્રસ્ત રસ્તાની જાણકારી ફોન પર મળતાં મહાનગરપાલિકા રોડ વિભાગ દ્વારા તાત્કાલિક સમારકામની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના રૂસ્તમ વાડી, રિંગ રોડ તથા લુન્સીકુઈ વિસ્તાર, ગણદેવી ઈટાળવા રોડ પર ક્ષતિગ્રસ્ત રોડના પેચવર્ક અને સમારકામની કામગીરીનું કમિશનર દેવ ચૌધરી દ્વારા સ્થળ પર વિઝિટ કરી ગુણવત્તાવર્ધક કામગીરીઓ માટે સ્થળ પર હાજર ઈજનેર તથા કર્મચારીઓને જરૂરી સૂચનો કર્યાં હતાં. મહાનગરપાલિકા કમિશનર દેવ ચૌધરી દ્વારા જાહેર જનતાને શહેરી વિસ્તારના રસ્તા/માર્ગો પર ખાડાની તથા અન્ય કોઈ ખામી સર્જાઈ હોય તો લોકેશન સહિતનો ફોટો પાડી જાણ કરવા અનુરોધ કરાયો છે.

## નવસારી જિલ્લામાં સાર્વત્રિક હળવો વરસાદ

નવસારી: નવસારી જિલ્લામાં સોમવારે સાર્વત્રિક હળવો વરસાદ નોંધાયો હતો. જ્યારે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાતાં તાપમાન 30 ડિગ્રી નોંધાયું હતું. વીતેલા 24 કલાકમાં નવસારીમાં 26 મીમી, ગણદેવીમાં 19 મીમી, જલાલપોરમાં 12 મીમી, ચીખલીમાં 14 મીમી, ખેરગામમાં 8 મીમી અને વાંસદામાં 2 મીમી વરસાદ પડ્યો હતો. દિવસ દરમિયાન ચાલુ રહેલા વરસાદના ઝાપટાંને કારણે તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો હતો. સોમવારે મહત્તમ તાપમાન 30 ડિગ્રી અને લઘુતમ તાપમાન 23.2 ડિગ્રી નોંધાયું હતું.

## દમણના કોસ્ટલ હાઈવે ઉપર ફરી વાહનોના ખડકલા, અકસ્માતની ભીતિ

**માલવાહક** મોટાં વાહનોના જમાવડાના કારણે ગંભીર અકસ્માત સર્જાઇ શકે

દમણ: સંઘપ્રદેશ દમણમાં કોસ્ટલ હાઈવે પર ફરી મોટા ભારે માલવાહક ટ્રકોના પાર્કિંગને લઈને અકસ્માત સર્જવાની ભીતિ સેવાય રહી છે. અગાઉ આ વિસ્તારમાં પાર્ક કરાયેલા વાહનો પર આર.ટી.ઓ. વિભાગ અને ટ્રાફિક પોલીસ વિભાગે દંડાત્મક કાર્યવાહી કરી મેમો ફટકારવાની કામગીરી કરી હતી. પરતું ફરી એક વાર કોસ્ટલ હાઈવે નજીક આવેલી વિવિધ કંપનીઓમાં આવતા મોટા ભારે માલવાહક ટ્રકો અને કન્ટેનરો પાર્ક કરતા અકસ્માત થવાની સંભાવનાઓ વર્તાય રહી છે. દિવસે તો ઠીક પરંતુ આ વિસ્તારમાં હાલની વરસાદી ઋતુમાં રાત્રિ દરમિયાન સ્ટ્રીટ લાઈટના અભાવે વાહનચાલકોને રસ્તા પર પાર્ક કરાયેલા વાહનો ન દેખાતા નાના મોટા અકસ્માતો પણ થઈ રહ્યા છે. ત્યારે જવાબદાર તંત્ર આ અંગે ઠોસ કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.